# બી.બી.એ. કોલેજમાં યોજાયેલ કેમ્પસ ઈન્ટરવ્યું





ગાંધીનગર, તા.૪

બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ.) ગાંધીનગરની કોલેજમાં ગત રોજ જુલાઈ ૨૦૧૩ના રોજ મેગા પ્લેસમેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ.)માં અભ્યાસ કરતા તેમજ અભ્યાસ કરી ચૂકેલા તમામ વિદ્યાર્થીઓ માટે દર વર્ષની જેમ તા. ૪થી જુલાઈના રોજ સવારે ૧૧ થી ૫ વાગ્યા સુધી કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતુ. કેમ્પસ ઈન્ટરવ્યુમાં ઈનવર્સ બી.પી.ઓ., મેકસેસ ઈન્ફ્રા એન્ડ પ્રોપર્ટીઝ લિમીટેડ, ગેલેકસી કમ્ફર્ટ, અમાની સ્પેસ લિમીટેડ, એ.એ.કે.જી. ગ્રુપ પ્રાઈવેટ લિમીટેડ અને એચ.ડી.એફ.સી. લાઈફ જેવી નામાંકિત કંપનીઓ હાજર રહી હતી. જેમાં કુલ ૩૫૦ વિદ્યાર્થીઓએ ઈન્ટરવ્યુ આપ્યાં હતાં. જયારે ૧૩૦થી વધુ બી.બી.એ. કરી ચુકેલાં વિદ્યાર્થીઓએ પણ ઈન્ટરવ્યુ આપ્યા હતાં.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કોલેજનાં આચાર્ય રમાકાન્ત પૃષ્ટિ, પ્રો. જયેશ તન્ના તેમજ માર્ગી દેસાઈ સહિત કર્મચારીગણ તથા વિદ્યાર્થીઓના સહયોગથી કરવામાં આવ્યું હતું.